**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૧૮ ડિસેંબર ૨૦૦૮**

## પ્રસ્તાવિત ચારકોપ મેટ્રો કારશેડના વિરોધમાં શુક્રવારે સર્વપક્ષીય ધરણાં આંદોલન

**મુંબઇ,ગુરૂવાર :** કાંદિવલી પશ્ચિમ ખાતે ચારકોપમાં પ્રસ્તાવિત મેટ્રો કારશેડ પ્રકલ્પ માટે સર્વે કરવા ગયેલાં અધિકારીઓને ગઈકાલે હજારો રહેવાસીઓએ સ્વયંભૂરીતે ભગાડયા બાદ હવે આવતી કાલે શુક્રવારે સરકારનું આ પ્રશ્ન તરફ ધ્યાન દોરવા માટે ધરણાં ધરી આંદોલન કરવામાં આવશે.આ આંદોલનમાં સ્થાનિક રહેવાસીઓ સાથે શ્રી રામ નાઈક,શ્રી ભાઈ ગિરકર,શ્રી વિનોદ ઘોસાળકર,શ્રી જયપ્રકાશ ઠાકૂર,શ્રી યોગેશ સાગર,વગેરે ભાજપ-શિવસેનાના અનેક વરિષ્ઠ નેતા , રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ ના પ્રદેશ મહાસચિવ શ્રી સંદેશ કોંડવિલકર,રિપબ્લિકન પક્ષના જીલ્હા અધ્યક્ષ શ્રી હરિહર યાદવ,સમાજવાદી પક્ષના જીલ્હા અધ્યક્ષ શ્રી ગિરજાશંકર યાદવ વગેરે સર્વપક્ષીય નેતા અને સ્થાનિક વેપારી સંગઠનો સામેલ થશે,એ મુજબની માહિતી ઝુંપડપટ્ટી બચાવ સમિતી,કાંદિવલી,પશ્ચિમ ના અધ્યક્ષ શ્રી બાબા સિંહે આજે એક અખબારી યાદી મારફત આપેલ છે.

આ સંદર્ભે વધુ માહિતી આપતાં શ્રી બાબા સિંહે કહ્યું કે, "મેટ્રો રેલ્વે માટે ચારકોપ ખાતે પ્રસ્તાવિત કારશેડની જમીન પર ગણેશ નગર,સંજય નગર,લાલજી પાડા,ગાંધી નગર,એકતા નગર અને જનતા કૉલોની ઝુંપડપટ્ટીઓ છે,જે ૩૦ વર્ષ કરતાંયે વધુ જૂની છે.જેમાં ૧૪ હજાર કુટુંબો અને બે થી અઢી હજાર નાની દુકાનો,લઘુઉદ્યોગો,નાનાં કારખાના તેમજ ૮ માન્યતા પ્રાપ્ત શાળાઓ,મંદિર,મસ્જીદ અને ચર્ચ છે.આ ઝુંપડપટ્ટી બચાવવા માટે સ્થાપન થયેલ સર્વપક્ષીય ઝુંપડપટ્ટી બચાવ સમિતી ને મુંબઈ મહાનગર પ્રદેશ વિકાસ પ્રાધિકરણના અતિરિકત કમિશ્નર શ્રી મિલિંદ મ્હૈસકરે ગયાં અઠવા- ડિયેજ પ્રસ્તા વિત ભૂખંડ ની બદલે હાલના ખાલી પડેલા ભૂખંડ નું નિરિક્ષણ કરવામાં આવશે, તેમજ સમિતીની માગણીઓ મહારાષ્ટ્ર સરકાર પાસે યોગ્ય તે સિફારશો સાથે નિર્ણય લેવા માટે પાઠવવામાં આવશે એવું આશ્વાસન આપ્યું હતું.પરંતુ તે પ્રમાણે કોઈ પણ જાતનું નિરિક્ષણ ન કરતાં પ્રસ્તાવિત ભૂખંડનો સર્વે કરવા માટે બુધવારે અધિકારીઓ આવ્યાં બાદ સ્થાનિક પ્રજામાં પ્રચંડ આક્રોશ નિર્માણ થયો અને હજારો નાગરિકો રસ્તાં પર સ્વયંભૂ રીતે ઉતરી આવ્યાં."

આ સ્વયંભૂ આંદોલનમાંજ નાગરિકોની ન્યાય માગણી ખાતર શુક્રવાર,૧૯ ડિસેંબર ના સવારે ૯.૦૦ વાગ્યે લાલજી પાડા સિગ્નલ,લિંક રોડ,કાંદિવલી ખાતે ધરણાં આંદોલન કરવાનું નકકી થયેલ છે,આ મુજબની માહિતી આપી શ્રી બાબા સિંહે સર્વ નાગરિકો આ આંદોલનમાં સહભાગી થાય એવું આવ્હાન કરેલ છે.

**(બાબાસિંહ)**
**સંયોજક**
**મો.નં.૯૩૨૩૦૪૬૮૯૬**